Seat No. : _______________

# DA-119

**December-2013**

**M.A. (Sem.-III)**

**504 : Gujarati**

**(EA : સાહિત્ય સ્વરૂપ-પદ્ય)**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

1. મધ્યકાલીન ગુજરાતી આખ્યાન કવિતાની વિભાવના સમજાવી તેના વિવિધ સ્વરૂપ લક્ષણોનો પરિચય આપો. **14**

**અથવા**

આખ્યાનના સ્વરૂપ લક્ષણોને કેન્દ્રમાં રાખી 'નળાખ્યાન'નું આખ્યાન કાવ્ય તરીકે મૂલ્યાંકન કરો.

2. ખંડકાવ્યના સ્વરૂપલક્ષણોની ચર્ચા સદૃષ્ટાંત કરો. **14**

**અથવા**

'ચક્રવાકમિથુન' કાવ્યને ખંડકાવ્યના લક્ષણોની દૃષ્ટિએ તપાસી તેનું મૂલ્યાંકન કરો.

3. નોંધ લખો : (ગમે તે **બે**) **14**
   (1) 'વસંતવિજય' શીર્ષક
   (2) 'નળાખ્યાન'નો મુખ્યરસ
   (3) દમયંતીનું પાત્રાલેખન
   (4) 'અતિજ્ઞાન'માં સંઘર્ષ

4. 'કાન્તનું દર્શન ખંડકાવ્યોમાં કરૂણરસ રૂપે વ્યક્ત થાય છે' – આ વિધાનની ચર્ચા કાન્તના ખંડકાવ્યોને આધારે કરો. **14**

**અથવા**

પ્રેમાનંદની પાત્ર નિર્માણ કલાનો સદૃષ્ટાંત પરિચય કરાવો.

5. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો : **14**
   (1) 'નળાખ્યાન'ના કડવાની સંખ્યા જણાવો.
   (2) 'નળાખ્યાન'નો મુખ્ય રસ કયો છે ?
   (3) નળાખ્યાનમાં દમયંતીના રૂપનું વર્ણન કેટલી વાર આવે છે અને કોણ કોણ કરે છે ?
   (4) 'નળાખ્યાન'નું કથાવસ્તુ કયા મહાકાવ્યમાંથી લેવામાં આવ્યું છે ?
   (5) 'નળાખ્યાન'માં કયા ઋષિનું નામ કયા કડવામાં આવે છે ?
   (6) 'પટરાણી દીસતાં નથી એ, કોહોની, કારણ શું છે ?' પંક્તિ કોણ બોલે છે કોને કહે છે ?
   (7) નળ માટે પ્રેમાનંદે કયો શબ્દ પ્રયોજ્યો છે ?
   (8) 'નહીં નાથ ! નહીં નાથ ! ન જાણો કે સ્હવાર છે' પંક્તિ કયા કાવ્યની છે કોણ બોલે છે ?
   (9) 'અતિજ્ઞાન' કાવ્યમાં કઈ નગરીનું નામ આવે છે ? અતિજ્ઞાન કાવ્યમાં કયા પાત્રો છે તેનું નામ જણાવો.
   (10) 'ધીમે ધીમે છટાથી કુસુમરજ લઈ ડોલતો વાયુ વાય' પંક્તિ કયા કાવ્યની છે ?
   (11) 'વસંતવિજય' કાવ્યમાં આવતા પાત્રોના નામ જણાવો.
   (12) 'ચક્રવાકમિથુન'માં પંખીયુગલને કયો શામ મળ્યો છે ?
   (13) 'રમા' કાવ્યમાં કયા ઋષિનું નામ આવે છે ?
   (14) 'નથી ઈશ્વર દુ:ખીનો : થયું જે જે હતું થવું' પંક્તિ કયા ખંડકાવ્યની છે ?

Seat No. : _______________

# DA-119

**December-2013**

## M.A. (Sem.-III)

## 504 : Gujarati

## (EB : સાહિત્ય સ્વરૂપ-ગદ્ય)

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

1. ગદ્યની વિભાવના સમજાવી ગદ્ય અને પદ્ય વચ્ચેના વિરોધની ચર્ચા સદૃષ્ટાંત કરો. **14**

**અથવા**

ગદ્યના સ્વરૂપ સંદર્ભે નાટકના ગદ્યની ચર્ચા કરો.

2. 'ધરા ગુર્જરી' નાટકના ગદ્ય સંદર્ભે નિદર્શનો સાથે વિસ્તૃત નોંધ તૈયાર કરો. **14**

**અથવા**

'ધરા ગુર્જરી' નાટકનો આસ્વાદ કરાવો.

3. 'જમનાનું પૂર' વાર્તાના ગદ્ય સંદર્ભે નોંધ તૈયાર કરો. **14**

**અથવા**

'જક્ષણી' વાર્તાનો આસ્વાદ કરાવો.

4. 'રંગતરંગ-1' ની નિબંધિકાઓના ગદ્યલક્ષણો કેવી રીતે હાસ્ય નિષ્પન્ન કરે છે તે સદૃષ્ટાંત સમજાવો. **14**

**અથવા**

'ઘાટીને ખુલ્લો પત્ર' નિબંધનો આસ્વાદ કરાવો.

5. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો : **14**

(1) 'ધરા ગુર્જરી'ના લેખકનું નામ અને કૃતિની પ્રકાશન સાલ જણાવો.
(2) 'ધરા ગુર્જરી'માં આવતા પાત્રોના નામ જણાવો.
(3) 'ધરા ગુર્જરી' નાટકની અંક અને પ્રવેશ સંખ્યા જણાવો.
(4) 'દ્વિરેફની વાતો-1' માં કેટલી વાર્તાઓ છે તે જણાવી સંગ્રહની પ્રકાશન સાલ જણાવો.
(5) 'દ્વિરેફની વાતો-1' માંની કોઈપણ ત્રણ વાર્તાના શીર્ષકો જણાવો.
(6) દ્વિરેફની કઈ વાર્તામાં પ્રસન્ન દાંપત્યનું ચિત્ર આલેખાયું છે તે વાર્તાનું નામ આપો.
(7) 'દ્વિરેફની કઈ વાર્તાને વાર્તા કહેવા કરતાં ગદ્ય-કાવ્ય કહેવાનું રસિકલાલ છોટાલાલ પરીખ પસંદ કરે છે ? વાર્તાનું નામ આપો.
(8) 'રંગતરંગ-1' ના લેખકનું નામ જણાવો.
(9) 'રંગતરંગ-1'માં આવતા કોઈપણ ત્રણ નિબંધના શીર્ષકો જણાવો.
(10) 'સરકારી નોકરીની સફળતાનો ભેદ' મુખ્યત્વે કયા રસની વાર્તા છે ?
(11) 'મુકુંદરાય' અને 'જક્ષણી' કયા સંગ્રહમાં આવે છે ?
(12) અંગ્રેજીમાં ગદ્ય શબ્દ માટે કયો શબ્દ છે ?
(13) 'દ્વિરેફની વાતો-1' માં હાસ્યરસની કઈ વાર્તા છે તેનું નામ આપો.
(14) મુકુંદરાય કયા રસની વાર્તા છે ?

___________

Seat No. : _______________

# DA-119

**December-2013**

## M.A. (Sem.-III)

## 504 : Gujarati

## (EC : સાહિત્યિક નિબંધો)

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

1. મધ્યકાલીન પદ્યવાર્તાની લાક્ષણિકતાઓ વિશે વિસ્તૃત નોંધ લખો. **14**

**અથવા**

મધ્યકાલીન ગુજરાતી પદ્યવાર્તામાં શામળના પ્રદાન વિશે નોંધ તૈયાર કરો.

2. ટૂંકીવાર્તાની વિવિધ વ્યાખ્યાઓને આધારે તેની સ્વરૂપગત લાક્ષણિકતાઓ નોંધો. **14**

**અથવા**

પ્રમુખ વાર્તાકારોના પ્રદાનના સંદર્ભમાં ગુજરાતી ટૂંકીવાર્તાના સ્થિત્યંતરો વિશે નોંધ તૈયાર કરો.

3. નોંધ લખો : જ્ઞાનમાર્ગી કવિતામાં મધ્યકાલીન કવિઓનું પ્રદાન. **14**

**અથવા**

નરસિંહ અને અખાના સર્જનમાં જ્ઞાનમાર્ગી કવિતા ધારાના વિશેષો વિશે નોંધ તૈયાર કરો.

4. ગુજરાતી રંગભૂમિના ઉદ્ભાવક પરિબળોનો પરિચય કરાવી સુધારક યુગની રંગભૂમિના પ્રયોગો વિશે ચર્ચા કરો. **14**

**અથવા**

નોંધ લખો : સામ્પ્રત ગુજરાતી રંગભૂમિની સ્થિતિ.

5. યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો : **14**

(1) મધ્યકાલીન પદ્યવાર્તાઓનો મુખ્ય સ્રોત કયો ?
- (અ) લોકકથાઓ (બ) લિખિત કથાઓ
- (ક) ધાર્મિક સાહિત્ય (ડ) એકેય નહિ

(2) નીચેના પૈકી કઈ બાબત મધ્યકાલીન પદ્યવાર્તામાં જોવા મળતી નથી ?
- (અ) સમસ્યાઓ (બ) ઉખાણા
- (ક) આડકથા (ડ) કરુણ પ્રસંગો

(3) 'વિદ્યાવિલાસ પવાડુ' ના કવિનું નામ જણાવો.
- (અ) વિજયભદ્ર (બ) હીરાણંદ
- (ક) નરપતિ (ડ) મલયચંદ્ર

(4) 'મારુ ઢોલા ચઊપઈ'ના રચયિતાનું નામ જણાવો.

(અ) ભાલણ (બ) કુશળલાભ

(ક) ગણપતિ (ડ) મલયચંદ્ર

(5) કવિ માધવની પદ્યવાર્તાનું નામ જણાવો.

(અ) હંસરાજ વચ્છરાજ ચઉપઈ (બ) રૂપસુંદર કથા

(ક) માધવાનલકામકંદલા દોગ્ધક (ડ) પંચદંડ

(6) 'એક જ છાપ મારે તે નવલિકા' કયા ગુજરાતી વિવેચકનો અભિપ્રાય છે ?

(અ) રા.વિ. પાઠક (બ) બ.ક. ઠાકોર

(ક) વિજયરાય વૈદ્ય (ડ) નરસિંહરાવ

(7) "ટૂંકી વાર્તા કલ્પના અને લાગણીઓને જગાડીને જે કહેવાનું હોય છે તેનો માત્ર ધ્વનિ જ તણખો મૂકે છે" – મંતવ્ય કોનું છે ?

(અ) દ્વિરેફ (બ) રમણભાઈ નીલકંઠ

(ક) ધૂમકેતુ (ડ) સુન્દરમ્

(8) ગુજરાતી સાહિત્યની પહેલી ગણાયેલી ટૂંકીવાર્તા 'ગોવાલણી' ના લેખકનું નામ જણાવો.

(અ) સુન્દરમ્ (બ) મલયાનીલ

(ક) શ્રવણ (ડ) વાસુકિ

(9) 'ગૃહપ્રવેશ' સંગ્રહના વાર્તાકારનું નામ જણાવો.

(અ) સુરેશ દલાલ (બ) સુરેશ જોષી

(ક) મધુરાય (ડ) લાભશંકર ઠાકર

(10) 'નીરખને ગગનમાં કોણ ઘુમી રહ્યો' પંક્તિના રચનાકારનું નામ જણાવો.

(અ) નરસિંહ (બ) મીરાં

(ક) અખો (ડ) પ્રેમાનંદ

(11) ધીરા કૃત 'જ્ઞાન કક્કો' નું સ્વરૂપ જણાવો.

(અ) છપ્પા (બ) કાફી

(ક) પદ (ડ) ફાગુ

(12) જયશંકર ભોજક કયા ઉપનામથી ગુજરાતી રંગભૂમિ ક્ષેત્રે પ્રખ્યાત બન્યા હતાં ?

(અ) લક્ષ્મી (બ) સરસ્વતી

(ક) સુંદરી (ડ) લાજવંતી

(13) 'મિથ્યાભિમાન' નાટકના લેખકનું નામ જણાવો.

(અ) દલપતરામ (બ) નવલરામ

(ક) નર્મદ (ડ) ગુલાબદાસ

(14) કાન્તના જીવનને કેન્દ્રમાં રાખીને લખાયેલા ગુજરાતી નાટકનું શીર્ષક જણાવો.

(અ) ધૂળનો સૂરજ (બ) ગુલાબ

(ક) ભટ્ટનું ભોપાળું (ડ) જળને પડદે

---